અપીલ અરજી નં.૪૫ તા.૨૦–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી એમ એચ. સચીનવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ એચ. સચીનવાલાની તા.૨૦–૧–૦૯ ની અરજીથી અપીલ નં.૩૭૨ અન્વયે નં.આરટીઆઈ સેલ/૯ તા.૧–૪–૦૯ થી થયેલ આદેશ સંદર્ભે નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ થયેલ હોવા છતાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરી માહિતી મેળવવા કરેલ અપીલ અંગે.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૦–૫–'૦૯ ની અપીલ અરજી નં.૪૫/૨૦૦૯–૧૦

શ્રી એમ એચ. સચીનવાલાની તા.૨૦–૧–૦૯ ની અરજીથી અપીલ નં.૩૭૨ અન્વયે નં.આરટીઆઈ સેલ/૯ તા.૧–૪–૦૯ થી થયેલ આદેશ સંદર્ભે નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ થયેલ હોવા છતાં માહિતી નહીં મળ્યાની રજૂઆત કરી માહિતી મેળવવા કરેલ અપીલ અંગે તથા નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪ તા.૧૭–૪–૦૯ ના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ દિન–૪ ના વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૨૦–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૬ તા.૨૮–૫–૦૯ થી ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) ને તથા અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.જીએડી/ઈએસટી/૧૮૫ અને ૧૮૬ તા.૫–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨–૬–૦૯ ના પત્રમાં મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૩–૫–૦૯ ના પત્રથી સ્થાયી સમિતિને શિક્ષાઓ રદ કરવા બાબતે ફેર વિચારણા કરવા દરખાસ્ત કરવામાં આવેલ જે તા. ૨૧–૫–૦૯ ની સ્થાયી સમિતિની અઠવાડીક સાધારણ સભાના એજન્ડાના કામ નં.૩૫ થી દર્શાવવામાં આવેલ. તેમજ તા.૮–૬–૦૯ ના પત્રથી અટલ સવેરા સમાચાર પત્રમાં ત.૧૯–૫–૦૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ સમાચારનો હવાલો આપીને " કમિશ્નરે આવા વિસંગત ઠરાવનો અસ્વીકાર કરીને પુનઃ વિચારણા માટે મુકેલ દરખાસ્તમાં સુચવાયુ છે કે આ કર્મચારી મજકુરે કરેલી ઉચાપતની રકમ રૂા.૧૦,૧૪૨/– પરત તેણે જમા કરાવવી ૩ ઈજાફા નહીં બલકે ૧ ઈજાફો અટકાવીને તેને થયેલી સજામાં રાહત આપવાની અને સસ્પેન્શનનો સમયગાળો પેન્શનના હેતુ પુરતો જ ઓન ડયુટી ગણવો" તેવા જાહેર થયેલા સમાચારો બાદ પણ જયારે જાહેર માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી પૂરી પડવા કલમ–૮(૧) (આઈ) ની ગેરકાયદેસર આડ હેઠળ કે સ્થાયી સમિતિના વિશેષાધિકાર ભંગ થવાના બહાના હેઠળ માહિતી આપવાની નકારવામાં આવતી હોય તેવી અપીલ તબકકે રજૂઆત કરવામાં આવેલ છે. અરજદારની અપીલ દિન–૪ ના વિલંબથી કરેલ હોવા છતાં તથા વિલંબનું કારણ સંપૂર્ણ વાજબી અને સંતોષકારક નહીં હોવા છતાં કાયદાના આમુખથી ચરિતાર્થ થયેલ ભાવનાને મૂર્તિમંત કરવાના હેતુથી અપીલ ગ્રાહય રાખવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧–૦૯ ની અરજીથી અપીલ નં.૩૭૨ અન્વયે નં.આરટીઆઈ સેલ/૯ તા.૧–૪–૦૯ થી મુદ્દા નં.૪ અંગે વિના મૂલ્યે માહિતી પૂરી પાડવા તથા મુદ્દા નં.૧ થી ૩ અંગે આખરી નિર્ણય બાદ નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી દિન–૭ માં પૂરી પાડવા આદેશ કરવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં.૪ અંગે નં.જીએડી/ઈએસટી/આઈ/૫૪ તા.૧૭–૪–૦૯ થી બીપીએસી એકટની કલમ–૪૯(૨) ની જોગવાઈઓની માહિતીની નકલ અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે તે અંગે જો કોઈ ડીપી ઓર્ડર હોય તો તેની માંગણી કરેલ છે. જયારે મુદ્દા નં.૧ થી ૩ બાબતે થયેલ આદેશ સંદર્ભે નિર્ણયની પ્રક્રિયા પૂર્ણ થયેથી માહિતી આપવા હુકમ થયેલ જેના સંદર્ભે નિર્ણય પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં તા.૧૯–૫–૦૮ થી રીપોર્ટ પર કમિશ્નરશ્રીના નોટીંગ સહિતના રીપોર્ટની નકલ અને ઠરાવ નં.૩૯/૦૮ વિરુધ્ધ ફેર વિચારણા કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિમાં સાદર કરેલ તેની નકલની માહિતી નહીં મળ્યાની રજૂઆત કરી માહિતી મેળવવા અપીલ કરેલ છે જે મૂળ અરજીથી અલાયદી જણાય છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલ તબકકે નં.જીએડી/ઈએસડી/આઈ/૧૮૬ તા.૫–૬–૦૯ થી અરજદારને પૂરી પાડેલ નકલ અત્રે રજૂ કરવામાં આવેલ છે જેમાં " સ્થાયી સમિતિ ધ્વારા સદરહુ દરખાસ્ત ઉપર આ જ દિન સુધી આખરી નિર્ણય લેવામાં આવેલ નથી અને સદરહુ દરખાસ્ત હાલ પણ સ્થાયી સમિતિ સમક્ષ પડતર છે. જેથી સ્થાયી સમિતિના વિશેષાધિકારનો ભંગ થતો હોય આપને તેવા નોટીંગ/રીમાર્કસ સાથેના રીપોર્ટની નકલ હાલ પાઠવી શકાય તેમ નથી. જે અંગે નં.જીએડી/ઈએસટી/આઈ/૧૮૫ તા.૫–૬–૦૯ થી પણ સદરહુ પૂરક વિગતોમાં પણ તે હકીકત જણાવી તો૧૯–૫–૦૮ ના રીપોર્ટ પર મ્યુ.કમિશ્નરશ્રીએ તા.૧૦–૨–૦૯ ના રોજ " ફેર વિચારણા માટે દરખાસ્ત કરીએ" નો આદેશ કર્યાની માહિતી અરજદારને આપ્યાનું જણાય છે.

પાછળ

આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલની પ્રક્રિયા દરમ્યાન અરજદારે તેમની મૂળ અરજીથી માંગેલ તા.૧૯–૫–૦૮ ના રીપોર્ટ પર લેવાયેલ નિર્ણય અને તે અંગે હાલના તબકકાની જાણકારી પૂરી પાડેલ છે. જયારે તેના નોટીંગ/રીમાર્કસ અને રીપોર્ટની નકલો બાબતે સ્થાયી સમિતિના વિશેષાધિકાર ભંગનો સહારો લઈ પ્રસ્તુત તબકકે ઈન્કાર કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૮(૧)(આઈ) હેઠળ આ પ્રકારની માહિતી આખરી નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી અપવાદ હેઠળ સમાવિષ્ટ થાય છે તેમજ જાહેર માહિતી અધિકારીએ કરેલ ઈન્કારનું કારણ જોતાં ઈન્સાફ કાર્યવાહીને અવરોધે તેવી માહિતી આપવાનું કલમ–૮(૧) (એચ) હેઠળ અપવાદમાં સમાવેશ થાય છે. રજૂ થયેલ હકીકત જોતાં ખાતાકીય શિક્ષા અંગે નિર્ણય અંગે સક્ષમ સત્તા અને અપીલ અધિકારી કક્ષાએથી નિર્ણય લેવાનો કિસ્સો જણાય છે. જે આ બંને અપવાદ હેઠળ સમાવિષ્ટ થાય તેમ છતાં કમિશનરશ્રીના આદેશ અને નિકાલના તબકકાની વિગત જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવી જાહેર માહિતી અધિકારી ધ્વારા આરટીઆઈ કાયદાનું હાર્દ અને ઉદેશોના અમલીકરણ અંગે અપનાવેલ પ્રયત્ન કર્યાનું સ્પષ્ટ થાય છે.

અરજદાર સુરત મહાનગરપાલિકાના જાહેર સેવક પણ હોવાનું તેમની અરજી પરથી જણાય છે. તેમણે તા.૨–૬–૦૯ ના પત્રથી રજૂ કરેલ અપીલના આધાર તથા તા.૨૯–૫–૦૯ ની અપીલ અરજીમાં પ્રયોગ કરેલી ભાષા અપીલ અરજીના પાના નં.૨ તથા તા.૨–૬–૦૯ ની અરજીના પાના નં.૨ પરની વિગતો જોતાં બિન સંસદીય ગણી શકાય સાથે સાથે તા.૮–૬–૦૯ ની પૂરક માહિતીથી અરજદારે અપીલીય કાર્યવાહી અને અપીલ અધિકારીની નિષ્ઠા પ્રત્યે સમર્થન વિહોણી શંકા પ્રદર્શિત કરી નાગરિક આચાર સંહિતા અને શિષ્ટાચારનું ઉલ્લંઘન કરવા સાથે જાહેર સેવક તરીકે પણ શિસ્ત અને વર્તણુંક નિયમોનું ઉલ્લંઘન કર્યાનું ફલિત થાય છે. જયાં સુધી અરજદારે માંગેલ માહિતીને સબંધ છે ત્યાં સુધી જાહેર માહિતી અધિકારી કક્ષાએ ઈન્કાર માટે લેવાયેલ બચાવને કલમ–૮(૧)(એચ) અને (આઈ) ના અપવાદ ઉપરાંત કાયદાના આમુખથી કરવામાં આવેલ જોગવાઈ જેમાં માહિતી પૂરી પાડવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન, મર્યાદિત નાણાંકીય સંશાધનોનો, મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતા જાળવવાના પરિબળો સાથે અન્ય જાહેર હિતમાં સર્જાતા સંઘર્ષો સમયે સંવાદિતા જાળવવા ઉપર પણ મુકવામાં આવેલ પ્રાધાન્યના અમલીકરણને પણ સમર્થિત કરે છે.

**_હુકમ_**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧–૦૯ ની અરજીથી અપીલ નં.૩૭૨ અન્વયે નં.આરટીઆઈ સેલ/૯ તા.૧–૪–૦૯ થી મુદ્દા નં.૪ અંગે વિના મૂલ્યે માહિતી પૂરી પાડવા તથા મુદ્દા નં.૧ થી ૩ અંગે આખરી નિર્ણય બાદ નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કરી માહિતી દિન–૭ માં પૂરી પાડવા આદેશ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૪ ની માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે મુદ્દા નં.૧ થી ૩ અંગે અરજદારે કરેલી રજૂઆત અંગે અરજદારને નં.જીએડી/ઈએસટી/આઈ/૧ ૮૬ તા.૫–૬–૦૯ થી અરજદારને પૂરી પડાયેલ હોઈ હાલના તબકકે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. પરંતુ વિવાદ હેઠળની બાબતે સક્ષમ સત્તા ધ્વારા આખરી નિર્ણય લેવાયેથી આરટીઆઈ એકટની કલમ–૭(૧),(૩) સાથે નિયમ–૩ અને ૫ ની જોગવાઈ અનુસારી દિન–૧૦ માં બાકીની માહિતી પૂરી પાડવા ડે.કમિશનર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

**_ઈ.ચા.એપેલેટ ઓફિસર_**
**_ડાયરેકટર ઓફ પ્લાનીંગ_**
**_સુરત મહાનગર પાલિકા_**

**_પ્રતિ_**

(૧) ડે.કમિશનર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી, (મધ્યસ્થ મહેકમ) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી એમ એચ. સચીનવાલા, સીનીયર કલાર્ક, મહેકમ સેન્ટ્રલ ઝોન, ભગવાન ચેમ્બર્સ, મુગલીસરાય રોડ, સુરત. ... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.